જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૧/૨૦૧૫ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૩૨૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧૯ કેસ કરી અને ૯૯ વ્યક્તિઓને ઝડપી, ૩૬૯ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઇગ્લીશ દારૂ, ૫૭ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૧૧૪ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૬,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૨૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશીશની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૩૨૩/૧૫**

**સરખેજ :** જોરસિંહ રામનરેશ બગેલ (રહે.શાંતીનગર, ઘનશ્યામ ફ્લેટની સામે, મેઘાણીનગર) એ તા.૧૫/૧૧/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૧૧/૧૫ નાં કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે સરખેજ એપલવુડ ટાઉનશીપનાં પાછળનાં દરવાજા નજીક આરોપી (૧) ગુલાબભાઇ બગેલ (૨) સુસપાલ જગરામ બગેલ (૩) રાજકુમાર રામસેવા બગેલ (૪) સુનીલભાઇ ગુલાબભાઇ બગેલ (તમામ રહે. અમદાવાદ) નાઓએ ભેગામળી કલરકામનાં પૈસા લેવા સારૂ બોલાવી, પોતાની તથા પિતાની સાથે બોલાચાલી કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, આરોપી રાજકુમારે જોરસિંહને માથાનાં ભાગે લોખંડનો સળીયો મારી, ગંભીર ઇજાઓ કરી, જાનથી મારી નાંખવાની કોશીશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.સોલંકી ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૨૪/૧૫**

**વાડજ :** અભિષેકભાઇ યોગેશભાઇ ખમાર (રહે.સતેજ રેસીડન્સી, દેનાબેન્ક ઉપર રેલવે ક્રોસિંગ પાસે, ઉસ્માનપુરા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૧/૧૫ સાંજના ૫/૩૦ થી તા.૧૪/૧૧/૧૫ નાં કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ, તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૦૦,૭૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એફ.સિદ્દીકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**કાગડાપીઠ :** જયશ્રીબહેન ગણેશભાઇ પરીખ (રહે.ભુલાભાઇપાર્ક સોસાયટી, ગીતામંદિર રોડ) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૧/૧૫ બપોરના ૨/30 થી સાંજનાં ૭/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના ૩,૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એમ.મકવાણા ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૩૨૫/૧૫**

**પાલડી :** જયંતીભાઇ માવજીભાઇ વઘેર (ઉ.વ.૫૫)(રહે.મહાત્મા ગાંધીકુંજ સોસાયટી, ભુદરપુરા રોડ, આંબાવાડી) તા.૧૫/૧૧/૧૫ સાંજના ૫/૧૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે શ્રેયસ બ્રીજ નીચે રેલવે પાટા ઓળંગતાં હતા દરમ્યાન ટ્રેઇનની અડફેટે આવી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશભાઇ વાલજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૨૬/૧૫**

**વાડજ :** ચિરાગ બાબુભાઇ વાઘેલા (ઉ.વ.૧૫)(રહે.તુલસીનગર સૌરાબજી કંમ્પાઉન્ડ, જુનાવાડજ) એ પોતાના પિતાએ ભણવા બાબતે ઠપકો આપતાં, મનમાં લાગી આવતાં તા.૧૫/૧૧/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એફ.સિદ્દીકી ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટ :** અંજુમબહેન અબ્દુલરહેમાન મલમપટ્ટાવાળા (ઉ.વ.૪૫)(રહે.મુસ્લીમ સોસાયટી, નવરંગપુરા) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૫/૧૧/૧૫ ના ૮/૫૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે નહેરૂબ્રીજ નીચે, સાબરમતીનાં પશ્ચીમ છેડે નદીમાં પડતુ મુકી, ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ(વેસ્ટ)પોલીસે અકસ્માતમોત નોધી આ અંગેની તપાસ હેકો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)